# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

# શાળા શિક્ષણ – ટાસ્ક ફોર્સ સમિતિ બેઠક

તારીખ : 09-02-2021 સ્થળ : એસ.ટી.ટી.આઇ., જીસીઇઆરટી, ગાંધીનગર

---

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સંદર્ભે રાજ્યકક્ષાએ શાળા શિક્ષણ અન્વયે ડૉ. વિનોદ રાવ, સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની અધ્યક્ષતામાં ટાસ્ક ફોર્સ સભ્યોની ચોથી બેઠક તા. 09 ફેબ્રુઆરી, 2021ના રોજ એસ.ટી.ટી.આઇ., જીસીઇઆરટી ખાતે યોજવામાં આવી હતી. નીચે દર્શાવેલ સમિતિના સભ્યોની ઉપસ્થિતિમાં સદર બેઠકની શરૂઆત કરવામાં આવી હતી.

| ક્રમ | ઉપસ્થિત સભ્યશ્રી | હોદ્દો | સંસ્થા |
|---|---|---|---|
| 1 | ડૉ. વિનોદ રાવ, (આઇ.એ.એસ.) | સચિવશ્રી | પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ, ગાંધીનગર |
| 2 | ડૉ. હર્ષદભાઇ પટેલ | વાઇસ ચાન્સેલરશ્રી | આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગર |
| 3 | શ્રી અશોક શર્મા | નિયામકશ્રી | મહિલા અને બાળવિકાસ વિભાગ, ગાંધીનગર |
| 4 | શ્રી આર. સી. રાવલ | પૂર્વ નિયામકશ્રી, | પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર |
| 5 | શ્રી ગીજુભાઇ ભરાડ | અધ્યક્ષશ્રી | ભરાડ ફાઉન્ડેશન, રાજકોટ |
| 6 | શ્રી ચેતનાબેન વ્યાસ | નિવૃત્ત ગુ.શિ.સે.વ.-1 | રાજકોટ |
| 7 | શ્રી વી. બી. ભેંસદડીયા | નિવૃત્ત ગુ.શિ.સે.વ.-1 | રાજકોટ |
| 8 | શ્રી જયેન્દ્રસિંહ જાદવ | મદદનીશ અધ્યાપકશ્રી | ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ |
| 9 | શ્રી વિવેકભાઇ પટેલ | મેનેજીંગ ટ્રસ્ટીશ્રી | આનંદ નિકેતન ગ્રુપ, અમદાવાદ |
| 10 | શ્રી રૂપેશ ભાટીયા | પ્રતિનિધિશ્રી | વિદ્યાભારતી સંસ્થા, પાટણ |
| 11 | ડૉ. અશોક ઠક્કર | આચાર્યશ્રી | આર.એમ.એસ.એ., પાટણ |
| 12 | શ્રી પ્રકાશ વરમોરા | અધ્યક્ષ | ફેડરેશન ઑફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસિશીએશન ગુજરાત |
| 13 | શ્રી એ. જે. શાહ | અધ્યક્ષ | ગુજરાત મા. અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર |
| 14 | ડૉ. એમ. આઇ. જોષી | નિયામક | પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર |
| 15 | શ્રીમતી નૂતનબેન રાવલ | સંયુક્ત નિયામક | નિરંતર શિક્ષણની કચેરી, ગાંધીનગર |
| 16 | શ્રી બી. એમ. રાજગોર | સંયુક્ત નિયામક | ગુજરાત મા. અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર |
| 17 | શ્રી પ્રકાશ ત્રિવેદી | સચિવ | સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર |
| 18 | ડૉ. ટી.એસ. જોષી, સભ્ય સચિવ | નિયામક | જીસીઇઆરટી, ગાંધીનગર |

સદર બેઠકની શરૂઆત માન. સચિવશ્રીના વક્તવ્ય દ્વારા કરવામાં આવેલ હતી, જેમાં તેઓશ્રી દ્વારા સભ્યોને સદર બેઠકમાં રાજ્યકક્ષાએ કરવાના નિર્ણય માટેના મુદ્દાઓ સંદર્ભે ચર્ચા કરવા જણાવેલ હતું. સમિતિના સભ્ય સચિવશ્રી ડૉ.ટી.એસ.જોષી દ્વારા અધ્યક્ષશ્રીની અનુમતિથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંદર્ભે ટાસ્ક ફોર્સ સભ્યો દ્વારા સૂચવવામાં આવેલ મુદ્દાઓનું પ્રેઝન્ટેશન કરવામાં આવેલ હતું.

સદર બેઠકમાં પુખ્ત ચર્ચાના અંતે NEP અમલીકરણ સંદર્ભે રાજ્યકક્ષાએથી લેવાના થતા નિર્ણયો અંગે સર્વાનુમતે સહમતિ સાધવામાં આવેલ હતી. ટાસ્ક ફોર્સ દ્વારા લેવામાં આવેલ નિર્ણયો પૈકી જેનું અમલીકરણ વર્ષ 2021-22 છે તેવા નિર્ણયોની વિગત નીચે રજૂ કરવામાં આવેલ છે;

1) NEP 2020 અનુસાર 3 વર્ષ થી 18 વર્ષની ઉંમરને આવરી લેતી આ નીતિમાં હાલના 10+2ના શાળાકીય શિક્ષણના માળખામાં બદલાવ લાવીને નવીન **5+3+3+4 શૈક્ષણિક અને અભ્યાસક્રમ સંબંધિત માળખાંની ભલામણ કરવામાં આવેલ છે**. આ સંદર્ભે ટાસ્ક ફોર્સ સમિતિ દ્વારા સૂચવવામાં આવેલ નવીન માળખાંનો સ્વીકાર કરવા સૂચન કરેલ છે. આથી, રાજ્યમાં નીચે જણાવ્યા અનુસારનું શાળાકીય માળખું અમલમાં લાવવા માટેનો નિર્ણય કરવામાં આવે છે.

   રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં સૂચવવામાં આવેલ શાળાકીય માળખું 5+3+3+4 રહેશે, જેમાં, ...

   a) 5 વર્ષમાં પૂર્વ પ્રાથમિકનાં ૩ વર્ષ તથા ધોરણ 1 અને 2 (પાયાનું શિક્ષણ)

   b) ૩ વર્ષ ધોરણ ૩ થી 5 (પ્રારંભિક શિક્ષણ)

   c) ૩ વર્ષ ધોરણ 6 થી 8 (ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ)

   d) 4 વર્ષ ધોરણ 9 થી 12 (માધ્યમિક શિક્ષણ), **(અમલવારી – શિક્ષણ વિભાગ)**

2) ઉપરોક્ત મુદ્દા (1)(a) સંદર્ભે, શાળાકીય માળખા 5+3+3+4માં અનુસાર...

   a) પ્રથમ પાંચ વર્ષ (એટલેકે બાળકની ઉંમરના 3+ વર્ષથી)ના પાયાના તબક્કામાં શરૂઆતનાં બે વર્ષ આંગણવાડી / પૂર્વપ્રાથમિકમાં રહેશે,

b) જ્યારે ત્યાર પછીનું એક વર્ષ (બાળકની ઉંમરના 5+ વર્ષથી) (ધોરણ 1 પહેલાંનું વર્ષ) 'બાલવાટીકા' **તરીકે ઓળખાશે.**

c) જ્યારે બાળકની ઉંમરના 6+ વર્ષથી ધોરણ 1ની શરૂઆત કરવામાં આવશે.

d) આ માળખાનો અમલ શૈક્ષણિક વર્ષ 2021-22 થી કરવાનો રહેશે.

e) **પૂર્વપ્રાથમિક / આંગણવાડીમાં પ્રવેશ મેળવવા માટે 3 વર્ષ પૂર્ણ કરેલ બાળકોનો પ્રવેશ સુનિશ્ચિત કરવો.**

f) આ સાથે, રાજ્યમાં આદીજાતિ વિસ્તારમાં આવેલ આશ્રમશાળાઓમાં પણ આંગણવાડીની વ્યવસ્થા ઊભી કરવામાં આવે.

**(અમલવારી – શિક્ષણ વિભાગ, મહિલા અને બાળવિકાસ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ)**

3) બાલવાટીકાની રચના **પ્રાથમિક શાળાના ભાગ તરીકે જે તે શાળા પરિસરમાં કરવી જોઇએ.**

a) બાલવાટીકાના બાળકોને ધોરણ ૧ અને ૨ ની જેમ પ્રજ્ઞા અભિગમ દ્વારા પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

b) બાલવાટીકા માટે સ્ટાફની જરૂરિયાત અનુસાર ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ દ્વારા આઉટસોર્સીંગથી કોન્ટ્રાક્ટ બેઇઝડ ભરતી કરવામાં આવશે.

c) બાલવાટીકામાં નિમણૂક પામનાર શિક્ષકની ઓછામાં ઓછી PTC / D.El.Ed.ની લાયકાત હોવી જોઇએ.

**(અમલવારી – શિક્ષણ વિભાગ, મહિલા અને બાળવિકાસ વિભાગ, સમગ્ર શિક્ષા કચેરી)**

4) ઉપરોક્ત મુદ્દા (1) (d) સંદર્ભે, અત્યારે રાજ્યમાં ધોરણ 9 - 10 માધ્યમિક શિક્ષણ અને ધોરણ 11 - 12 ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ - એમ બે ભાગ છે તેના બદલે ધોરણ 9 થી 12 માટે ચાર વર્ષનું સળંગ એકમ કરવું જોઇએ. **(અમલવારી – શિક્ષણ વિભાગ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ)**

5) NEP 2020 અનુસાર રાજ્યમાં સાર્વજનિક, ખાનગી અને અનુદાનિત સહિતની તમામ પૂર્વપ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સંસ્થાઓમાં આવશ્યક વ્યવસાયિક અને ગુણવત્તા માનાંકોના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે રાજ્ય દ્વારા **State School Standards Authority (SSSA)** જીસીઇઆરટીના સંકલનમાં રહી કાર્ય કરશે. **(અમલીકરણ – શિક્ષણ વિભાગ)**

6) રાજ્યમાં પૂર્વપ્રાથમિક સંસ્થાઓના નિયમન માટે **State Preprimary Regulatory Body**ની રચના કરવાની થાય છે, જે નિયામક, આઇ.સી.ડી.એસ. સાથે સંકલનમાં રહી રાજ્યમાં આવેલ તમામ પ્રકારની પૂર્વપ્રાથમિક સંસ્થાઓને માન્યતા આપવા માટે માનાંકો / ધારાધોરણો તૈયાર કરી અમલીકૃત કરે. **(અમલવારી –મહિલા અને બાળવિકાસ વિભાગ, શિક્ષણ વિભાગ)**

7) રાજ્યમાં પૂર્વપ્રાથમિક તેમજ આંગણવાડી માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણના શિક્ષકો તૈયાર કરવા માટે હાલના આંગણવાડી શિક્ષકોને પદ્ધતિસરની તાલીમ આપવામાં આવશે. આ અન્વયે, સદર તાલીમો માટે NCERT દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમને ધ્યાને લઇ નવો અભ્યાસક્રમ તૈયાર કરવા માટે મહિલા બાળવિકાસ વિભાગ અને ચિલ્ડ્રન યુનિવર્સિટીનો સહયોગ મેળવી આ અંગેની તાલીમ અને પ્રમાણપત્ર જીસીઇઆરટી આપે. **(અમલવારી – જીસીઇઆરટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, મહિલા અને બાળ વિકાસ વિભાગ)**

8) NEP સંદર્ભે રાજ્યમાં ન્યાયિક રીતે શાળાઓનું એકત્રીકરણ કરવાનું થાય છે, આ સંદર્ભે નીચે જણાવેલ વિગતોને આધારે નિર્ણય કરવામાં આવે.

   a) RTE એક્ટની જોગવાઈ પ્રમાણે 60 કરતાં ઓછી સંખ્યા હોય અને 1 થી 5 ધોરણની શાળા હોય તેવી શાળાની 1 કિમીની ત્રિજ્યામાં વધુ સંખ્યા વાળી ધોરણ 1 થી 5 શાળા આવેલી હોય તેમાં તે શાળા મર્જ કરવી.

   b) ધોરણ 6 થી 8 ચાલતું હોય અને તેમાં 45 કરતાં ઓછી વિદ્યાર્થી સંખ્યા હોય તેવી શાળાની 3 કિમીની ત્રિજ્યામાં ધોરણ 6 થી 8 ની વધુ સંખ્યાવાળી અન્ય શાળા આવેલી હોય તેમાં તે શાળા મર્જ કરવી.

c) શાળા મર્જ કરતી વખતે 2 શાળાઓ વચ્ચે હાઇવે પસાર થતો હોય, નદી/નાળા કે વિદ્યાર્થી સરળતાથી મર્જ થયેલી શાળામાં જઈ શકે તેમ ન હોય, તેવી શાળાઓને મર્જ કારવામાંથી મુક્તિ આપવી.

d) જે વિદ્યાર્થીઓને નજીકની પ્રાથમિક કે માધ્યમિક શાળામાં જવા અમુક્રમે 1 કી.મી. કે 3 કી.મી. કરતાં વધારે અંતર કાપવાનું થાય તો તેઓને ટ્રાન્સપોર્ટેશનની સગવડ આપવામાં આવશે.

e) આ ઉપરાંત, NEP અનુસાર રાજ્યમાં હાલ જે રીતે ક્લસ્ટર રિસોર્સ સેન્ટર (CRC)ની રચના થયેલ છે તેને શાળા સંકુલ તરીકે માન્યતા આપીએ. શાળા સંકુલના અધ્યક્ષ તરીકે સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના આચાર્ય તેમજ સભ્ય સચિવ તરીકે CRC કોર્ડિનેટર અને અન્ય માધ્યમિક/પ્રાથમિક શાળાઓના આચાર્યો તેમજ આંગણવાડી સુપરવાઈઝરને સભ્યો તરીકે રાખવા. **(અમલીકરણ – સમગ્ર શિક્ષા કચેરી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, નિયામકશ્રી શાળાઓની કચેરી)**

9) હાલમાં રાજ્યમાં શિક્ષણ વિભાગ હસ્તકની શાળાઓ સિવાય સામાજિક અધિકારીતા અને ન્યાય વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત આશ્રમશાળાઓ, મોડેલ સ્કૂલ્સ વગેરે કાર્યરત છે. રાજ્યની તમામ શાળાઓમાં શૈક્ષણિક એકસૂત્રતા રહે તે સંદર્ભે રાજ્યની તમામ પ્રકારની શાળાઓને શિક્ષણ વિભાગના સંકલનમાં અને જિલ્લાકક્ષાએ ડીઇઓ/ડીપીઇઓના સંકલનમાં તેમજ શિક્ષણ વિભાગના ઇ.આઇ., ટીપીઇઓ, બીઆરસી, સીઆરસી મારફત સતત મૂલ્યાંકન અને મોનીટરીંગમાં પણ આ વિભાગની શાળાઓને આવરી લઇએ. **(અમલવારી – શિક્ષણ વિભાગ, સામાજિક અધિકારીતા અને ન્યાય વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ)**

10) ધોરણ 10 અને 12 માટેની બોર્ડ પરીક્ષામાં બદલાવ લાવવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ઉલ્લેખ કરવામાં આવેલ છે. રાજ્યમાં પ્રવર્તમાન સમયમાં ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાના પરીરૂપમાં ફેરફાર કરવાના થાય છે. આ બાબત સંદર્ભે રાજ્ય સ્તરની સમિતિની રચના કરવામાં આવે, જે કેન્દ્રીય ધારાધોરણો અને ભલામણોને ધ્યાને રાખી નવું પરીરૂપ તૈયાર કરવાનું સૂચન કરે. **(અમલવારી – શિક્ષણ વિભાગ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ)**

11) રાજ્યમાં ધોરણ – 1 માં હાલમાં ભાષા તરીકે ગુજરાતી ભાષા અને ગણિત વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે. NEP 2020 માં દર્શાવેલ ત્રિભાષા સૂત્ર અમલીકરણ અન્વયે ધોરણ 1 થી ગુજરાતી ભાષાની સાથે Introductory English તરીકે અંગ્રેજી વિષયની શરૂઆત કરવામાં આવે. ધોરણ 1 થી 3 દરમિયાન શીખવવામાં આવતી અંગ્રજી ભાષાને જે તે ધોરણની પરીક્ષાનો ભાગ નહીં બને. ધોરણ -4 અને આગળના ધોરણોમાં અંગ્રેજી વિષય પરીક્ષાનો ભાગ બનશે.

**(અમલવારી – શિક્ષણ વિભાગ, જીસીઇઆરટી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી)**

12) રાજ્યમાં હાલમાં પ્રાથમિક થી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે સ્નાતક, અનુસ્નાતક કક્ષાના ગુણની સાથે TET / TAT પરીક્ષાના ગુણ સાથે મેરીટ યાદી તૈયાર કરવામાં આવે છે. NEP 2020 સંદર્ભે હવેથી પ્રાથમિક થી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે સ્નાતક, અનુસ્નાતક કક્ષાના ગુણ તેમજ TET / TAT પરીક્ષાના ગુણ સાથે ઉમેદવારની 3 **સ્તરીય** પસંદગી **પ્રક્રિયા યોજવામાં આવશે**, જેમાં વૈકલ્પિક પ્રશ્નો તેમજ વર્ણાત્મ પ્રશ્નો ધરાવતી કસોટીઓ, ઇન્ટર્વ્યું તેમજ વર્ગખંડ પ્રક્રિયા નિદર્શનનો સમાવેશ કરવામાં આવશે. તેમજ તમામ ત્રણેય સ્તરના ગુણ ઉમેરી મેરીટ તૈયાર કરવામાં આવશે. **(અમલવારી – શિક્ષણ વિભાગ)**

13) NEP 2020 સંદર્ભે રાજ્યના શિક્ષકોને પોતાના વ્યવસાયિક વિકાસ માટે દર વર્ષે ઓછામાં ઓછા 50 કલાક Continuous Professional Development (CPD) માટેના તાલીમી કોર્સીસ કરવાના થાય છે. આ અનુસંધાને શિક્ષકો દ્વારા પૂર્ણ કરવામાં આવનાર **તાલીમો તેમજ વ્યવસાયિક કોર્સીસની નોંધ તેમની સર્વિસ બુકમાં કરવામાં આવે** તેમજ **તેમના ઉચ્ચતર પગાર ધોરણ માટેના ધારાધોરણો સાથે જોડવામાં આવે.**

**(અમલવારી – શિક્ષણ વિભાગ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, નિયામકશ્રી શાળાઓની કચેરી, જીસીઇઆરટી)**

14) ધોરણ 3, 5 અને 8ના અંતે બાળકો માટે ધોરણ 10 અને 12ની જેમ પરીક્ષાનું આયોજન રાજ્યકક્ષાએથી કરવાનું થાય છે. આ અન્વયે ધોરણ 3, 5 અને 8ના અંતે પરીક્ષા લેવા માટેની જવાબદારી જીસીઇઆરટી તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંકલનમા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને આપવામાં આવે. શિક્ષણ વિભાગના તા. 12/02/2020ના ઠરાવ સંદર્ભે તમામ સરકારી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં (Common examination) ભાગ લેશે. **(અમલવારી – રાજ્ય પરીક્ષા બોર્ડ)**

15) NEP 2020ના મુદ્દા ક્રમ (6.6) અનુસાર રાજ્યના વંચિત વિસ્તારોમાં ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક તકો વધારવા માટે **'વિશેષ શિક્ષણ ઝોન** (SEZ)'ની રચના તેમજ મુદ્દા ક્રમ (4.43) સંદર્ભે **રાજ્યના વિશિષ્ટ પ્રતિભાશાળી અને હોશિયાર વિદ્યાર્થીઓની પ્રતિભાઓ** અને રૂચિઓની ઓળખ અને કાળજી (nurturing) લેવા માટેની વ્યવસ્થાનું સૂચન નીતિમાં કરવામાં આવેલ છે. આ અનુસંધાને, **રાજ્યમાં પ્રસ્તાવિત Schools Of Excellence પ્રોજેક્ટમાં** ઉપરોક્ત બાબતોને આવરી લેવામાં આવેલ હોવાથી ટાસ્ક ફોર્સના સભ્યો દ્વારા સર્વાનુમતે સંમતિ આપવામાં આવેલ છે. આથી, રાજ્યમાં School Of Excellence (SoE) પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ 6 થી 12ના વિદ્યાર્થીઓને સમાવતી નિવાસી શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવે. આ SoE થકી શાળા દીઠ એકંદરે 3000 બાળકો લેખે 33 જિલ્લાઓના અંદાજિત 1 લાખ બાળકોને સમાવવામાં આવશે. આ માટે, ઉચ્ચ ગુણવત્તા ધરાવતા અને અનુભવી શિક્ષકોની કોન્ટ્રાક્ટ ધોરણે નિમણૂક કરવામાં આવશે.

**(અમલવારી – શિક્ષણ વિભાગ, સમગ્ર શિક્ષાની કચેરી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, નિયામકશ્રી શાળાઓની કચેરી)**

16) રાજ્યમાં હાલમાં માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓ માટે ગણિત અને વિજ્ઞાન વિષય ફરજિયાત રીતે અભ્યાસક્રમમાં રાખવામાં આવેલ છે. પરંતું, ધોરણ 10ના અંતે આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ મોટાભાગના બાળકો વિજ્ઞાન પ્રવાહ સિવાય સામાન્ય પ્રવાહ તેમજ અન્ય વ્યવસાયલક્ષી કોર્સીસ કે કલાઓ તરફ વળે છે. આ વિદ્યાર્થીઓ માટે માધ્યમિક કક્ષાએ શીખવાડવામાં આવતા **ગણિત**

**(બીજગણિત, ભૂમિતિ)** તેમજ **વિજ્ઞાન (ભૌતિક, રસાયણ અને જીવવિજ્ઞાન)ની** સંકલ્પનાઓ આગળની અભ્યાસ માટે બહુ ઉપયોગી નથી. આથી, વિજ્ઞાન પ્રવાહ સિવાયના અન્ય કોર્સીસમાં જવા માંગતા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક કક્ષાએ ગણિત અને વિજ્ઞાન વિષયના વિકલ્પમાં દૈનિક જીવનમાં ઉપયોગી એવા અંકગણિત તેમજ માનવજીવન વિજ્ઞાન જેવા વિષયો અભ્યાસક્રમમાં ઉમેરવામાં આવે.

**(અમલીકરણ – માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ)**

ઉપરોક્ત મુદ્દાઓની ચર્ચા બાદ સદર બેઠકના અંતમાં ડૉ. ટી. એસ. જોષી, સભ્ય સચિવશ્રી દ્વારા ઉપસ્થિત તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

**(ડૉ. ટી. એસ. જોષી)**
**સભ્ય સચિવ,**
**NEP ટાસ્ક ફોર્સ સમિતિ,**
**તથા**
**નિયામક,**
**જીસીઇઆરટી, ગાંધીનગર**